PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૭/કવા–૦૧/૧૮–૧૯/ 1535 -3 તા. 13-8-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
મોહનભાઈ જેરામભાઈ હડીયલ,
ગામ : પાનેલી
તા.મોરબી
જી.મોરબી – 363642

વિષય :–લોડ વધારા ની અરજી
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૫–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૭/કવા–૦૧/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,લાલપર

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૬૭/કવા–૦૧/૧૮–૧૯ કમિટી મીટીંગ: તા. ૦૬–૦૮–૧૮ સ્થળ : મોરબી

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: મોહનભાઈ જેરામભાઈ હડીયલ, ગામ: પાનેલી
રજુઆત કરનાર: અરજદાર મોહનભાઈ જેરામભાઈ હડીયલ હાજર રહેલ છે.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,લાલપર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી)
રજુઆત કરનાર :એન.ડી.પનારા – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, મોરબી

## : હુકમ :

**ફરીયાદ : લોડ વધારા ની અરજી**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક

| | |
|---|---|
| ૧ | ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓનુ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૭૫૪૬/૦૫૦૨૬/૦ થી ૧૦ હોપાનુ ધરાવે છે. જેમા ૦૫ હોપા વીજભાર વધારા ની અરજી તા.૨૨–૧૨–૧૪ ના રોજ કરેલ છે. તેમ છતા – આજદિન સુધી વીજભાર વધારો થયેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, મુળ અરજદાર શ્રી જેરામભાઈ હડીયલ, ગામ: પાનેલી ગ્રાહક નં.– ૮૭૫૪૬/૦૫૦૨૬/૦ થી ૧૦ હોપા નુ – એ–૧ ટેરીફ મુજબ નુ ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે, જે તા.૨૦–૦૮–૯૧ થી રીલીઝ કરાયેલ છે. અરજદાર શ્રી જેરામભાઈ ગોકલભાઈ હડીયલ – દ્વારા સદર વીજજોડાણ મા વીજભાર વધારા ની અરજી કરાયેલ હતી, જે અનુસંધાને – પેટા વિભાગીય કચેરી દ્વારા ખરાઈ કરતા – અરજદાર શ્રી જેરામભાઈ ગોકલભાઈ હડીયલ હૈયાત ન હોય – જેથી અરજદાર ની અરજી રદબાતલ કરાયેલ છે. જેની જાણકારી અરજદાર ને પત્ર તા.૨૨–૧૨–૧૪ થી કરાયેલ છે. તેથી મોહનભાઈ જેરામભાઈ હડીયલ ને નિયમાધીન નામ બદલી કરાવ્યા બાદ વીજભાર વધારો થઈ શકે – તે મુજબ ની જાણકારી અપાયેલ છે. |

**: નિષ્કર્ષ :**

**મુદદા નં.–૩ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, મુળ અરજદાર શ્રી જેરામભાઈ હડીયલ, ગામ: પાનેલી ગ્રાહક નં.– ૮૭૫૪૬/૦૫૦૨૬/૦ થી ૧૦ હોપા નુ – એ–૧ ટેરીફ મુજબ નુ ખેતીવાડી વીજજોડાણ તા.૨૦–૦૮–૯૧ થી ધરાવે છે. અરજદાર શ્રી જેરામભાઈ ગોકલભાઈ હડીયલ – દ્વારા સદર વીજજોડાણ મા ૦૫ હોપા ના વીજભાર વધારા ની અરજી તા.૦૧–૧૦–૧૪ ના રોજ કરાયેલ હતી, જે અનુસંધાને – પેટા વિભાગીય કચેરી દ્વારા ખરાઈ કરતા – અરજદાર શ્રી જેરામભાઈ ગોકલભાઈ હડીયલ હૈયાત ન હોય – જેથી અરજદાર ની અરજી નુ કોઈ સત્યાર્થતા રૂપ અસ્તીત્વ ન રહેતા – સદર અરજી રદબાતલ કરાયેલ છે. જેની જાણકારી અરજદાર મોહનભાઈ જેરામભાઈ હડીયલ ને સબંધક કચેરી ના પત્ર તા.૨૨–૧૨–૧૪ દ્વારા કરાયેલ છે. |

| | |
|---|---|
| | મોહનભાઈ જેરામભાઈ હડીયલ દ્વારા – તેમના પિતાશ્રી જેરામભાઈ ગોકલભાઈ હડીયલ ના અન્ય તમામ વારસદારો જો નામ બદલી માટે નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર લેખીત સંમતીપત્ર રજુ કર્યે – તેઓના નામે આ વીજજોડાણ કરી શકાય, ત્યારબાદ આ વીજજોડાણ માં વીજભાર વધારો થઈ શકે. સદર બાબતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવા બાબતે નો નિષ્કર્ષ ફોરમ કમિટી તરફથી થયેલ છે. |

## હુકમ

**મુદદા નં.–૪ :**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.